**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૬ જૂન ૨૦૧૩**

**ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક એ ગુરૂવાર, ૬ જૂન ૨૦૧૩ ના મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન**

***કોંગ્રેસના રાજ માં ભયંકર મોંઘવારી નો ભડકો : રામ નાઈક***

**મુંબઈ,ગુરૂવાર :** "કોંગ્રેસપ્રણિત યુપીએ સરકારના કારભાર ને કારણે જીવનાવશ્યક વસ્તૂઓ દુર્લભ થઈ હોવાથી ભયંકર મોંઘવારી નો ભડકો થયો છે. સામાન્ય માણસનું જીવવું મુશ્કેલ થયેલ છે," આ મુજબનું પ્રતિપાદન માજી પેટ્રોલિયમ પ્રધાન અને ભારતીય જનતા પક્ષના સુશાસન પ્રકોષ્ઠના રાષ્ટ્રીય સંયોજક શ્રી રામ નાઈકે કર્યુ છે. શ્રી રામ નાઈક મુંબઈ ખાતે પત્રકાર પરિષદ માં બોલી રહ્યાં હતા.

દેશની અગ્રગણ્ય સર્વેક્ષણ સંસ્થાએ તાજેતરમાં પ્રસિદ્ધ કરેલા સર્વેક્ષણનો હવાલો આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "દેશભરના ૬૫ ટકા મતદારો યુવા (૩૫ વર્ષથી ઓછા) હોઈ તેઓ યુપીએ સરકાર ના મોંઘવારી અને ભ્રષ્ટાચારના કારભારને કારણે કંટાળ્યા છે. આગામી ચૂંટણીમાં તેમને દેશમાં પરિવર્તન લાવવાની તેમની ઈચ્છા છે. કોંગ્રેસના ભ્રષ્ટ કારભાર ને કારણે સર્વ પ્રકારના ઉત્પાદનોમાં ઘટ આવેલ છે. પરિણામે ૨૦૧૨-૨૦૧૩ ના 'સકલ દેશાંતર્ગત ઉત્પન્ન' (જીડીપી) ૫ ટકા રહેશે તેવું ભારત સરકારની સાંખ્યિકી સંગઠને જાહેર કરેલું છે. આ દર પાછલાં દસ વર્ષમાં સહુથી ઓછો હોવાથી દેશની અર્થવ્યવસ્થા ગંભીર સ્થિતી માં હોવાની ચેતવણી છે".

વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની કારકિર્દી માં એક ડોલર રૂ.૪૫.૧૦ નો વિનિમય દર હાલ ૨૬ ટકાથી ગબડીને રૂ. ૫૬.૭૬ થયો છે તેવી માહિતી આપી શ્રી રામ નાઈકે કહ્યં હતું કે, " રૂપિયાનો અવમૂલ્યનનો તો છેલ્લા ૧૧ મહિના માં નો આ નીચાંક છે. આનું દૂરગામી વિપરીત પરિણામ સર્વ જીવનાવશ્યક વસ્તૂના ભાવવધારા પર થયેલ છે. આપણી આયાત નિર્યાત કરતાં વધુ હોવાને કારણે રૂપિયાના અવમૂલ્યનનો ફટકો ભારતીય અર્થવ્યવસ્થાને પડે છે. દેશને આયાતપેટે ૨૬ ટકા કરતા વધુ ભાવ આપવા પડે છે."

જીવનાવશ્યક ૨૧ વસ્તૂ ના વધેલા મોંઘવારીનો વિસ્તૃત માહિતી આપનારૂં એક ચાર્ટ શ્રી રામ નાઈકે પત્રકાર પરિષદમાં રજૂ કર્યુ. ઘઉં, ચોખા, ચણાનોલોટ,મગની દાળ, મસૂરની દાલ, ગોળ, દૂધ, ચા જેવી જીવનાવશ્યક વસ્તૂ ના ભાવ પાછલાં નવ વર્ષમાં ૨૦૦ ટકા થી યે વધુ વધ્યા છે તેવી આઘાતજનક માહિતી આપી શ્રી રામ નાઈકે કહ્યું કે, "ગરીબ માણસને કાંદો ને રોટલી પણ

..૨..

દુર્લભ થતી જાય છે કારણ કે કાંદા નો ભાવ રૂ.૬ થી વધી રૂ.૨૦ અર્થાત ૨૩૩ ટકા વધ્યા છે. મોંઘવારી ૧૦૦ દિવસમાં નિયંત્રણ માં લાવીશું તેવો વડાપ્રધાને ૨૦૦૯ માં આપેલો દિલાસો પોકળ ઠર્યો છે. આ જનતા નો વિશ્વાસઘાત જ છે."

પેટ્રોલિયમ ક્ષેત્ર બાબતે બોલતા શ્રી રામ નાઈકે કહ્યું, "યુપીએ સરકારની કારકિર્દીમાં છેલ્લાં નવ વર્ષમાં ડિઝલ રૂ.૨૨.૫૦ લિટરદીઠ પરથી રૂ.૫૭.૮૮ (૧૫૭ % વધારો) , પેટ્રોલ રૂ.૩૩.૧૫ પરથી રૂ.૭૨.૨૧ (૧૧૮ % વધારો) અને સર્વસામાન્ય નું ઈંધણ તેવા ઘાસલેટ રૂ.૧૮ પરથી રૂ. ૫૦ સૂધી (૧૭૮% વધારો) મોંઘા થયા છે. આનું કારણ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ ની સરકારમાં ચાર પેટ્રોલિયમ પ્રધાન થયા, તેમણે પેટ્રોલિયમ જેવા આંતરરાષ્ટ્રીય મહત્વના વિષય માટે કોઈ પણ જાતનું ઠોસ ધોરણ ઠરાવ્યું નહીં. ઉલ્ટું સુધારાના બણગા ફૂંકતા અનુદાન પાછા ખેંચવાની શરૂઆત કરી છે. હવે અનુદાનયુક્ત સિલિંડરના ભાવ રૂ. ૨૪૪ પરથી રૂ.૪૪૮ પર (૮૪% વધારો) અને વિનાઅનુદાન સિલિંડરના ભાવ રૂ.૮૫૮ (૨૫૨ % વધારો) થયેલ છે. અધૂરાં માં પૂરૂં હોય તેમ પાછલાં અઠવાડિયે વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ જપાન ના ટોકિયો ગયાં ત્યારે ભારતને લોન મળે તે માટે ‘અમે વિકાસ માટે આકરા પગલાં ભરીશું ’ તેવું જપાન ને આશ્વાસન આપીને દેશ નાં આમ આદમી પર વધુ ભાર લાદવાનો સુતોવાચ જ કર્યો છે."

રોજેરોજ પ્રકાશમાં આવતા હજારો કરોડના ગોટાળા, તેમાં સપડાયેલા પ્રધાનો, ઉચ્ચપદસ્થ અધિકારી તેમનો ભ્રષ્ટાચાર ને કારણે મોંઘવારીનો માર વેઠનારા પર દાઝયા પર ડામ દેનારું બને છે, એમ કહી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "ઉપલબ્ધ સર્વેક્ષણ મુજબ ૪૮ ટકા મતદારો ના મતે દેશ સમક્ષ સહુથી મોટી સમસ્યા ભાવવધારાની છે, અને ૧૭ ટકા મતદારો ભ્રષ્ટાચાર ને કારણે ચિંતાગ્રસ્ત છે. ડિઝલ, પેટ્રોલ, રાંધણગેસ ના સિલિંડર, કેરોસિન ના વધતા ભાવો પણ ચિંતાનો વિષય હોવાનું ૧૦ ટકા મતદારો નો મત છે." મોંઘવારીના વિરોધમાં દેશભરમાં થનારા આંદોલનની રણનીતી ગોવામાં ૮ અને ૯ ના થનારી રાષ્ટ્રીય કાર્યકારિણી ની બેઠકમાં નકકી કરવામાં આવશે એમ પણ શ્રી રામ નાઈકે અંતે જણાવ્યું હતું.

**(કાર્યાલય મંત્રી)**

**સંલગ્ન : ભાવનો ચાર્ટ**

**6 जून 2013**

# भारतीय जनता पार्टी

## *जीवनावश्यक वस्तुओं के मुंबई में बढ़ते दाम*

## (संकलक : श्री.राम नाईक, श्री.गिरीधर साळुंके)

| वस्तू | भाजपा शासन में दाम (प्रति किलो रु.) मई 2004 | पहले कांग्रेस शासन में दाम (प्रति किलो रु.) अप्रैल 2009 | दूसरे कांग्रेस शासन में दाम (प्रति किलो रु.) ३ जून 2013 | 2004 की तुलना में वृध्दि (प्रतिशत) % |
|---|---|---|---|---|
| गेंहू | 9 | 20 | 28 | 211% |
| चावल | 10 | 22 | 30 | 200% |
| शक्कर | 14 | 23 | 38 | 171% |
| चाय पावडर | 80 | 190 | 290 | 263% |
| तेल | 40 (प्रति लिटर) | 70 (प्रति लिटर) | 78 (प्रति लिटर) | 95% |
| डालडा | 40 | 60 | 80 | 100% |
| तूर डाल | 30 | 100 | 80 | 167% |
| मूंग दाल | 24 | 54 | 84 | 250% |
| मसूर दाल | 22 | 60 | 78 | 255% |
| चना दाल | 25 | 36 | 68 | 172% |
| गुड़ | 14 | 32 | 50 | 257% |
| बेसन | 20 | 48 | 64 | 220% |
| आलू | 8 | 14 | 24 | 200% |
| प्याज | 6 | 16 | 20 | 233% |
| टमाटर | 9 | 16 | 40 | 344% |
| दूध | 14 (प्रति लिटर) | 28 (प्रति लिटर) | 42 (प्रति लिटर) | 200% |
| मिट्टी का तेल | 18 (प्रति लिटर) | 25 (प्रति लिटर) | 50 (प्रति लिटर) | 178% |
| रसोई गैस | 244 (प्रति सिलेंडर) | 312 (प्रति सिलेंडर) | 448.50(प्रतिसिलेंडर)<br>* 858 (प्रतिसिलेंडर)<br>**विनाअनुदान** | 84%<br>252% |
| पेट्रौल | 33.15 (प्रति लिटर) | 44.60(प्रति लिटर) | 72.21(प्रति लिटर) | 118% |
| डिजल | 22.50 (प्रति लिटर) | 34.50(प्रति लिटर) | 57.88 (प्रति लिटर) | 157% |
| सीएनजी | 19.71(प्रति किलो) | 24.65(प्रति किलो) | 33.95(प्रति किलो) | 72% |
| | | | | |
| डॉलर $1 | रु. 45.10 | रु. 50.05 | रु. 56.76 | 26% |

***विशेष :***

**1. 2012-2013 का 'सकल घरेलु उत्पाद' (जीडीपी) 5 प्रतिशत रहेगा ऐसी घोषणा केंद्र सरकार के सांख्यिकी संगठन ने की है, यह जीडीपी दर गत 10 वर्षो में सबसे कम है और अर्थव्यवस्था के लिए खतरे की घंटी हैं.**

**2. इस के अतिरिक्त डालर रुपैया का विनिमय दर 2004 में रु. 45.10 था, वह अब रु. 56.76 याने 26 प्रतिशत बढ़ा है. विगत 11 महिनों का यह नीचांक है. इस का मतलब है कि आयात में हमें 26 प्रतिशत अधिक किमत देनी पड़ रही हैं. इस समय हमारी निर्यात से आयात अधिक होने के कारण रुपए के अवमूल्यन से देश को भारी नुकसान हो रहा हैं.**